# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-02-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. **ગાંધીનગરના ગિફ્ટ સિટીથી અમદાવાદના શાહપુર સુધી મેટ્રો કૉરિડોરનું વિસ્તરણ કરાશે – કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય**
2. વિધાનસભામાં મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, રાજ્યમાં વાજબી કારણો સિવાય કામમાં વિલંબ કરનારા કૉન્ટ્રાક્ટર્સ સામે કાર્યવાહી કરાશે.
3. **નર્મદા જિલ્લામાં 302 કરોડ રૂપિયાના ખર્ચે બે બ્રિજને રાજ્ય સરકારની મંજૂરી**
4. **વડોદરામાં નકલી ચલણી નોટ છાપતા બે લોકોની ધરપકડ**
5. **રાજ્યના વિવિધ જિલ્લામાં આગામી 24 કલાકમાં હળવા વરસાદની આગાહી**
6. **ભાવનગરના ખેલાડી વંશ જોનીએ લૉન ટેનિસ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## CABINET DECISIONS

**ગાંધીનગરના ગિફ્ટ સિટીથી અમદાવાદના શાહપુર સુધીના મેટ્રો કૉરિડોરનું વિસ્તરણ કરાશે. નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ માટે અપાયેલી મંજૂરી અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડનો વર્તમાન ઉત્તર-દક્ષિણ કૉરિડોર 3.33 કિલોમીટરની લંબાઈનો હશે**

અને તેમાં ત્રણ અદ્યતન મથક સામેલ હશે. અંદાજે એક હજાર 67 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારી આ પરિયોજના ચાર વર્ષમાં પૂર્ણ થવાની શક્યતા છે.

(બાઈટ : ASHWINI VAISHNAW, UNION MINISTER)

## BANASKANTHA ROAD GRANT

રાજ્યમાં જમીન સંપાદન , રેલવે કે વીજ લાઈન જેવા વાજબી કારણો સિવાય કોઈ કોન્ટ્રાક્ટર કામમાં વિલંબ કરે તો તેની સામે કાર્યવાહી કરાશે. વધુમાં આવા કિસ્સામાં કૉન્ટ્રાક્ટરને દંડ કરવાથી લઈ બ્લેકલિસ્ટ કરવા સુધીની જોગવાઈ પણ કરવામાં આવી છે. વિધાનસભા ગૃહમાં માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રી ઋષિકેશ પટેલે આ વાત કહી.

બીજી તરફ , બનાસકાંઠાના દાંતા તાલુકામાં ગત ત્રણ વર્ષમાં કુલ 148 કિલોમીટરના રસ્તાઓ માટે 236 કરોડ રૂપિયાના કામ મંજૂર કરાયા હોવાનું મંત્રીશ્રીએ ઉંમેર્યું. સાથે જ તેમણે યાત્રાધામ અંબાજીને જોડતા ઇકબાલગઢથી ઇકબાલગઢથી સુરેલા-ધનપુરા-વિરમપુરને જોડતા માર્ગનું નવ કરોડ 80 લાખ રૂપિયાના ખર્ચે નવિનીકરણ કરાશે, તેમ પણ જણાવ્યું.

## GPSC DIRECT BHARATI

ગુજરાત જાહેર સેવા આયોગ – GPSC દ્વારા આગામી 10 વર્ષમાં બે લાખ 10 હજારથી વધુ જગ્યા પર સીધી ભરતી કરાશે. ગુજરાત વિધાનસભા ગૃહમાં ભરતી અંગે પૂછાયેલા એક પ્રશ્નનો જવાબ આપતા મંત્રી ઇશ્વરસિંહ પટેલે આ માહિતી આપી. તેમણે કહ્યું, ગત 2 વર્ષમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા GPSCને વર્ગ એક અને બેની કુલ 306 જગ્યા માટે માગણાપત્રક મોકલાયા છે. તેમાં વર્ષ 2024માં 73 અને વર્ષ 2025માં 233 જગ્યાનો સમાવેશ થાય છે.

આ પૈકી 240 જગ્યા માટેની પ્રારંભિક અને મુખ્ય પરીક્ષા પૂર્ણ થઈ છે. તેના પરિણામ જાહેર કરી ટૂંક સમયમાં જ  ઇન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરાશે. રાજ્ય સરકારે 10 વર્ષીય ભરતી કૅલેન્ડર જાહેર કર્યું હોવાનું પણ મંત્રીશ્રીએ ઉંમેર્યું હતું.

## BHAVNAGAR SUDHARNA PANI YOJANA

8ભાવનગર જિલ્લામાં વિવિધ 12 સુધારણા જૂથ પાણી યોજના હેઠળ 438 કરોડ રૂપિયાના ખર્ચે 661 ગામને આવરી લેવાયા છે. વિધાનસભા ગૃહમાં ધારાસભ્યના પ્રશ્નનો જવાબ આપતા પાણી પૂરવઠા અને જળસંપત્તિ મંત્રી ઇશ્વરસિંહ પટેલે કહ્યું,  આ 12 યોજનામાં મુખ્યત્વે બુધેલ , તળાજા, ગારિયાધાર, પાલીતાણા, વલ્લભીપુર, ઉમરાળા અને શિહોરનો સમાવેશ થાય છે.

તો, અમરેલીમાં મહી આધારિત જૂથ યોજનામાં 39 ગામ અને એક શહેરને આવરી લેવાશે. તેમાં બગસરા તાલુકાના 33 ગામ અને એક શહેર , અમરેલી તેમજ કુકાવાવના ત્રણ-ત્રણ ગામને સમાવી લેવાશે, તેમ પણ મંત્રીશ્રીએ ઉંમેર્યું.

## CM ROAD CONNECTIVITY

રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવિટી માટે બે નવા બ્રિજ બનાવાશે. આ માટે રાજ્ય સરકારે 302 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂરી આપી છે. સત્તાવાર યાદી મુજબ , જિલ્લાના 11 જેટલા ગામના 18 હજારથી વધુ લોકોને જિલ્લા અને તાલુકા મુખ્યમથક સાથેની અવરજવરની સગવડ માટે આ બ્રિજ તૈયાર કરાશે. તેના કારણે ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા , વાસણ, રેન્ગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામના લોકોને સરળતા રહેશે.

ઉપરાંત નર્મદાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ પર બ્રિજ માટે 123 કરોડ રૂપિયાથી વધુ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા બ્રિજ માટે 179 કરોડ રૂપિયાથી વધુની રકમને પણ મંજૂરી અપાઈ છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## CENSUS 2027 MEETING

**રાજ્યમાં આવતા વર્ષે યોજાનારી વસતિ ગણતરી ચોક્સાઈ, પારદર્શક રીતે અને ડિજિટલ સુશાસનમાં બૅન્ચમાર્ક – આધારચિહ્ન સ્થાપિત કરશે. ગાંધીનગરમાં વસતિ ગણતરીના પહેલા તબક્કાની તૈયારી અંતર્ગત ગુજરાત , કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા-નગર અને હવેલી તથા દમણ અને દીવના મુખ્ય વસતિ ગણતરી અધિકારીઓ સાથેની વિશેષ બેઠકમાં મુખ્યસચિવ એમ. કે. દાસે આ વાત કહી.**

**તેમણે કહ્યું , રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતિ ઝડપથી વધી રહી હોવાથી આગામી વિકાસલક્ષી કાર્યોમાં વસતિના આંકડા પાયારૂબ સાબિત થશે. રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતિ ગણતરી સુપેરે પાર પાડવા પ્રતિબદ્ધ હોવાનું પણ શ્રી દાસે ઉમેર્યું. ઉલ્લેખનીય છે કે , ગણતરીના પહેલા તબક્કામાં ઘર અને આવાસની માહિતી તથા બીજા તબક્કામાં લોકગણના પ્રક્રિયા હાથ ધરાશે.**

## VADODARA NAKLI NOTE

**વડોદરા ગ્રામ્ય સ્થાનિક ગુનાશાખાએ નકલી ચલણી નોટ છાપવાનું કામ કરનારા બે લોકોની ધરપકડ કરી છે. આ અંગે એસપી સુશીલ અગ્રવાલે કહ્યું, પોલીસે**

**સાવલી રોડ પર આવેલા આસોજ ગામમાં એક ઘરમાં દરોડા પાડતા બે લોકો નકલી નોટ છાપતા હોવાનું જણાયું હતું.**

## TAPI BUDGET

તાપી જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠકમાં વર્ષ 2026-27 માટે એક હજાર 661 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું. તેમાં શિક્ષણ અને સહકાર ક્ષેત્રે 68 લાખ 28 હજાર રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ જિલ્લા પંચાયત સંચાલિત છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે નિભાવ અનુદાન એક હજાર 200 રૂપિયાથી વધારીને એક હજાર 500 રૂપિયા પ્રતિ વિદ્યાર્થી કરવામાં આવી છે.

## BHAVNAGAR TO MUMBAI FLIGHT

ભાવનગરથી મુંબઈની સીધી ઉડાન આગામી 29 માર્ચથી ફરી શરૂ કરાશે. ઇન્ડિગો એરલાઈન્સ દ્વારા ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દૈનિક બે ફ્લાઇટ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. ભાવનગરથી દરરોજ સવારે 8.35 વાગ્યે અને સાંજે 8.50 વાગ્યે આ ફ્લાઇટ ઉપડશે. પ્રવાસીઓ આવતીકાલથી આ ઉડાન માટે બુકિંગ કરાવી શકશે. આ ફ્લાઇટ શરૂ કરવા કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીને રજૂઆત કરી હતી.

## WEATHER FORECAST

**બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, નર્મદા, તાપી, દ્વારકા, મોરબી, જામનગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ અને કચ્છમાં આગામી હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું , અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથમાં વરસાદની શક્યતા નહીંવત્ છે.**

**(બાઈટ: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

## BHAVNAGAR GOLD MEDAL

**ભાવનગરના ખેલાડી વંશ જોનીએ લૉન ટેનિસ સ્પર્ધામાં વિજેતા થઈ રાજ્યસ્તરે સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે. શહેરમાં રમાયેલી ગુજરાત સ્ટેટ રૅન્કિંગ સ્પર્ધામાં જિલ્લાસ્તરની રમતગમત સંકુલ – DLSSના 15 વર્ષના આ ખેલાડીએ પ્રથમ સ્થાન મેળવ્યું. તેમણે 16 અને 18 વર્ષથી ઓછી વયની એમ બંને શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.**

**અગાઉ વંશ જાનીએ પંજાબ , જલંધર, રાજકોટ અને અમદાવાદ ખાતે અખિલ ભારતીય ટૅનિસ સંગઠન દ્વારા યોજાનારી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉપરાંત તેમણે રાજ્યમાં વિવિધ જિલ્લામાં યોજાયેલી અનેક સ્પર્ધામાં પણ નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે.**

## PATAN TB FREE

**પાટણ જિલ્લામાં 123 ગ્રામ પંચાયતને ક્ષયમુક્ત જાહેર કરવામાં આવી છે. હવે આગામી સમયમાં તમામ 486 ગ્રામ પંચાયતને ક્ષયમુક્ત જાહેર કરવાનો સંકલ્પ કરાયો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના 700 દર્દીઓને સામાજિક સંસ્થા દ્વારા પોષણની સામગ્રી અપાઈ હતી. આ તકે જિલ્લા વિકાસ અધિકારી સી. એલ. પટેલે કહ્યું, નિયમિત અને સંપૂર્ણ સમયગાળા સુધી દવા લેવાથી ક્ષય રોગ નાબૂદ થઈ શકે છે.**